પરચુ.દિવાની અરજી નં.૧૬/૨૦૨૨

***<u>-::આંક-૧ લગત હુકમ::-</u>***

૧) અરજી તથા કેસનું રેકર્ડ વંચાણે લીધું. તેમજ અરજદાર તરફે વિ.વ.શ્રી વી.એચ. ત્રિવેદીને સાંભળ્યા. સામાવાળા તરફે નોટીસ બજવા છતાં કોઈ હાજર થયેલ નથી.

૨) હાલની અરજી અરજદારે રજુ કરી તેઓનો દાવો રે.દિ.મુ.નં. ૩૯/૨૦ ડીસમીસ ઓફ ડીફોલ્ટ થયેલ જેને રીસ્ટોર કરવા માટે સમય મર્યાદા બાદ અદાલત સમક્ષ અરજી રજુ કરતા થયેલ વિલંબ માફ કરવા હાલની અરજી રજુ કરેલ છે. હાલની અરજીના સમર્થનમાં વિ.વ.શ્રી ત્રિવેદીએ દલીલ કરેલ હતી કે, રે.દિ.મુ. નં. ૩૯/૨૦ નું કામ અત્રેની અદાલતમાં ટ્રાન્સફર થઈને આવતાં વાદીને નોટીસ કાઢવામાં આવેલ હતી જે નોટીસ તળે બેલીફે કરેલ શેરાના આધારે અદાલતે હુકમ કરી વાદીનો દાવો કાઢી નાંખેલ હતો. વધુમાં એવી પણ દલીલ કરેલ હતી કે વાદીના જેતે સમયના વકીલ ધ્વારા દાવાના કામે કોઈપણ જાણ કરવામાં આવેલ ન હતી, અને વાદીને જાણ ન હોવાના કારણે અદાલતે દાવો કાઢી નાખેલો. તે બાબતે હાલની અરજી રજુ કરતાં વિલંબ થયેલ છે. હાલની અરજી વિલંબથી કરવા પાછળ વાદીનો કોઈ બદઈરાદો નથી પરંતુ, વાદીને જયારથી જાણ થઈ ત્યારથી તેઓએ સર્ટીફાઈડ નકલો મેળવી અદાલત સમક્ષ હાલની અરજી દાખલ કરેલ છે. વધુમાં એવી પણ દલીલ કરેલ છે કે, અદાલતમાંથી જયારે નોટીસ કાઢવામાં આવેલ ત્યારે બેલીફે કરેલ શેરા મુજબ વાદી અરજદાર ૯ વર્ષથી રહેતા નથી અને આજુબાજુવાળાએ હાલ તેઓ કયાં રહે છે તે અંગેની માહીતી પણ આપેલ ન હોય, જે હકીકતો અદાલતે ધ્યાનમાં લઈ હાલનો દાવો રદ કરેલ હતો. જેથી આ કામે હાલની અરજી મંજુર કરી થયેલ વિલંબ માફ કરવા વિનંતી કરેલ છે.

૩) હાલની અરજી વંચાણે લેતાં, રે.દિ.મુ. નં. ૩૯/૨૦ ના કામે અદાલતે કરેલ હુકમને ધ્યાને લેતાં દાવામાં તથા હાલની અરજીના આંક-૧ માં જણાવ્યા મુજબ સરનામે નોટિસ કાઢતા તેઓ એટલે કે વાદી ૯ વર્ષ પહેલાં આ સરનામે રહેતાં હતા અને તે બાદ કયાં ગયેલ છે તે જણાવેલ ન હોય, જેથી બેલીફે આવી નોટીસ અદાલત સમક્ષ પરત કરેલ હતી.

૪) દાવાના કામે જે સરનામું એટલે કે ડી/૮૬, કાળીયાબીડ ભાવનગરનું સરનામું આંક-૧ માં રજુ કરેલ છે તેજ સરનામું હાલની અરજીમાં પણ રજુ કરવામાં આવેલ છે એટલે કે વાદી અરજદારનું એવું કહેવું થાય કે તેઓ આજ સરનામે હાલમાં પણ રહે છે, જયારે દાવો દાખલ કર્યો ત્યારે રહેતાં હતાં. એ હકીકત મુજબ જો વાદી અરજદારની રજુઆત સાચી માનીએ તો બેલીફનો શેરો ખોટો હોય શકે. પરંતુ બેલીફ ખોટો શેરો કરવા પાછળ તેવું કોઈ કારણ હોય તેવું રેકર્ડ પર જણાતું નથી. બેલીફે અદાલતનો જવાબદાર કર્મચારી છે અને તેથી દાવાના કામે નોટીસનો જે શેરો ભરેલ છે તે ભુલ ભરેલો અથવા તો અતિશ્યોકતીથી કરેલો હોવાનું માનવાને કારણ રહેતું નથી. આ સિવાય વાદી અરજદારની એ પણ પવિત્ર ફરજ છે કે તેઓએ તેમના વકીલશ્રી પાસે જઈને દાવાને લગતી માહીતી મેળવવી જોઈએ. આવી ફરજ માત્ર વિ.વ.શ્રીની જ નહીં પરંતુ વાદીની

પણ છે. આ સિવાય એવું પણ તારણ નીકળે કે, વાદીના વિ.વ.શ્રીએ દાવો ભાવનગર સ્પે. અલંગ કોર્ટમાંથી ટ્રાન્સફર થઈને અત્રેની અદાલતમાં આવેલ હોવાનું નોટીસ ધ્વારા જણાવેલ હોય, પરંતુ વાદીએ પોતાનું સરનામું બદલી નાંખેલ હોય, કદાચ વાદીને તે અંગેની જાણ ન પણ થઈ શકેલ હોય, ટુંકમાં વાદી પોતાનું સરનામું બદલ્યુ હોવાની જાહેરાત દાવાના કામે કરવી પણ ખુબજ જરૂરી રહે છે જે કાર્યવાહી વાદીએ કરેલ નથી અને વાદી પોતાની ભુલને પોતાની ભુલ નહીં ગણતા વિ.વ.શ્રીએ આવી હકીકત જણાવેલ ન હોય તેમ કરી વકીલશ્રીના માથે દોષનો ટોપલો નાંખેલ છે. જે અંશત: વ્યાજબી જણાતું નથી. જો વાદી દાવામાં જણાવેલ સરનામે રહેતાં હોત તો દાવો ટ્રાન્સફર થઈને અદાલતમાં આવેલ ત્યારે કાઢવામાં આવેલ નોટીસની બજવણી તેઓને અચુક થયેલ હોત અને તેવી નોટીસ વાદી અરજદારને ન બજેલ હોય તે અંગે બીજું કોઈ અનુમાન ન થઈ શકે.

૫) દાવાના કામે વાદી અરજદાર તરફથી રોજકામની સર્ટીફાઈડ નકલ અદાલત સમક્ષ રજુ કરેલ નહીં અન્યથા અદાલત વધુ સારી રીતે વાદીની વર્તણુંકને સમજી શકી હોત.

૬) ઉપરોકત તમામ ચર્ચા કરતાં દાવાના કામે વાદીએ અદાલતમાં આવી અથવા તો વિ.વ.શ્રી પાસે નહી જઈ તેમના દાવા અંગેની જણાકારી મેળવવા પ્રયત્ન કરેલ હોય તેમ જણાતું નથી. જે બાબતે વાદીએ ઉપેક્ષા કરેલ હોય તેવું જણાઈ આવે છે. સબબ હાલની અરજી ફરી ફાઈલે લેવા માટે કોઈ વ્યાજબી કારણ જણાતું ન હોય, હું નીચે મુજબનો હુકમ ફરમાવું છું.

/// હુકમ ///

અરજદારની હાલની અરજી આથી રદ કરવામા આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.
તળાજા.
તા. ૧૪–૦૭–૨૦૨૩

(ચૈતન્ય નવનીતલાલ મારફતીયા)
પ્રિન્સીપાલ સિનિયર સીવીલ જજ અને
એડી. ચિફ જયુડી.મેજીસ્ટેટ,તળાજા.
Code No - GJ 00888

કે.એ.ખાણધર.